# Readout by the Official Spokesperson on the India-China LAC Issue (24 September 2020)

September 24, 2020

## ભારત-ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર અધિકૃત પ્રવક્તા દ્વારા વાંચી સંભળાવવું

સપ્ટેમ્બર 24, 2020

તમે જાણો છે તેમ 21 સપ્ટેમ્બરનાં રોજ મોલ્ડોમાં ભારત અને ચીનનાં સીનિયર કમાન્ડરોની 6ઠ્ઠી બેઠક યોજાઇ હતી.

આ બેઠક 4થી સપ્ટેમ્બરનાં રોજ મોસ્કોમાં ભારત અને ચીનનાં રક્ષા મંત્રીઓની બેઠકની અને 10 સપ્ટેમ્બરનાં રોજ બન્ને વિદેશ મંત્રીઓની બેઠકની પણ પૃષ્ઠભૂમિમાં યોજાઇ હતી. બન્ને વિદેશ મંત્રીઓ એવી સમજૂતિ પર પહોંચ્યા હતા કે બન્ને પક્ષોએ સંવાદ ચાલું રાખવો જોઈએ અને ઝડપથી અને વ્યાપક રીતે તમામ ઘર્ષણનાં ક્ષેત્રોમાં સૈનિકો પાછા ખેંચવા જોઇએ.

સીનિયર કમાન્ડરો આશરે 50 દિવસોનાં સમયગાળા બાદ મળ્યા હતા.

આ બેઠક બાદ બન્ને પક્ષોએ સંયુક્ત પ્રેસ રીલીઝ પણ જારી કર્યું છે જે તમે અગાઉ જોયું જ હશે.

હું પ્રકાશ પાડવા માંગીશ કે આ કોઈપણ સીનિયર કમાન્ડરોની બેઠક પછીનું પ્રથમ સંયુક્ત પ્રેસ રીલીઝ છે. તેવી જ રીતે, તે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર સૈનિકો પાછા ખેંચવાની બન્ને પક્ષોની કથિત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. અગાઉ અમે અંગુલીનિર્દેશ કર્યા અનુસાર, સૈનિકો પાછા ખેંચવાની પ્રક્રિયા જટિલ છે જેમાં દરેક પક્ષે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) ની તેઓની સંબંધિત બાજુઓ પર તેઓની નિયમિત છાવણીઓમાં સૈનિકો લાવવાની આવશ્યકતા હોય છે. આ માટે પારસ્પરિક રીતે સંમત થયેલ પરસ્પરની કાર્યવાહીઓની જરૂર પડશે. બન્ને પક્ષો તમામ ઘર્ષણ ક્ષેત્રોમાં સંપૂર્ણ સૈનિકો પાછા ખેંચવા તરફ કાર્ય કરે તો પણ, તે માટે તે જ સમયે જમીન પર સ્થિરતા સુનિશ્ચિત કરવાની જરૂરીયાત પણ રહે છે. તાજેતરની સીનિયર કમાન્ડરોની બેઠક આ તમામ એકંદર સંદર્ભમાં જોવી જોઈએ.

6ઠ્ઠી બેઠકે સીનિયર કમાન્ડરોને વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પરિસ્થિતિ સ્થિર કરવાનાં દ્રષ્ટિકોણોનાં નિખાલસ અને ગહન આદાન-પ્રદાનો કરવાની તક આપી છે. બન્ને પક્ષોએ કોઈપણ આગળની ગેરસમજો અને ખોટા નિર્ણયો લેવાનું ટાળવા માટે જમીની સંચાર મજબૂત કરવા, અગ્રરેખા પર વધારે સૈનિકો મોકલવાનું બંધ કરવા, જમીન પર એકપક્ષીય રીતે પરિસ્થિતિ બદલવાથી દૂર રહેવા, અને પરિસ્થિતિ જટિલ બનાવી શકે તેવી કોઈપણ કાર્યવાહીઓ કરવાનું ટાળવાનું પણ નક્કી કર્યું છે.

આગળનો માર્ગ બન્ને પક્ષો તમામ ઘર્ષણ ક્ષેત્રોમાં સંપૂર્ણ સૈનિક પાછા ખેંચવાનું હાંસલ કરે તે માટે તેઓની

ચર્ચાઓ ચાલું રાખવા સાથે એકપક્ષીય રીતે રાજકીય પરિસ્થિતિ બદલવાનાં કોઈપણ પ્રયાસો કરવાથી દૂર રહી અને સીમા ક્ષેત્રોમાં સાંતિ અને સુલેહનાં સંપૂર્ણ પુનઃસ્થાપનને સુનિશ્ચિત કરવાનો છે.

આ સંદર્ભમાં, બન્ને પક્ષોએ બને તેટલા વહેલા સીનિયર કમાન્ડકોની આગામી બેઠક યોજવાનું પણ નક્કી કર્યું છે. સમાંતર રીતે, WMCC ની આગામી બેઠક જલ્દીથી થવાની પણ સંભાવનાં છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 24, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.